# પાડોશી દેશોમાં થતી આતંકવાદી પ્રવૃત્તિઓ ભારત માટે નાલેશી

**તંત્રીસ્થાનેથી...**

બાંગ્લાદેશની રાજધાની ઢાકાના તથાકથિક સુરક્ષિત વિસ્તારમાં આવેલી રેસ્ટોરંટમાં આતંકવાદીઓએ વિદેશીઓનાં ગળાં રહેંસીને કરેલો હત્યાકાંડ એ ઈતિહાસના ક્રૂરત્તમ હત્યાકાંડોની શ્રેણીમાં એકવીસમી સદીના માનવીની પશુતાનું ભૂલ્યું ન ભુલાય એવું પીડાદાયક પ્રમાણ છે. હત્યાકાંડની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ લઈ રહ્યું છે. છતાં અમેરિકા એ મુદ્દે શંકાશીલ છે. આતંકવાદીઓએ બાંગ્લાદેશીઓને તો ડિનર આપ્યું પરંતુ કુરાનની આયાત નહીં બોલી શકનારા વિદેશીઓને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખ્યાં જેમાં એક ભારતીય યુવતી તારિષીનો પણ સમાવેશ થાય છે. બાંગ્લાદેશની સેનાના રેપિડ એકશન એકમ દ્વારા રેસ્ટોરન્ટમાં ઘૂસી ગયેલા નવ પૈકી છ આતંકવાદીઓને ઠાર મારવા બદલ બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીના વાઝેદે એમના જવાનોને બિરદાવ્યા છે, પરંતુ આ કોઈ પરાક્રમ નહોતું. પરાક્રમ તો ત્યારે કહેવાય જયારે સેનાએ મોટા ભાગના નિર્દોષ નાગરીકોની જાનહાનિ થતી અટકાવી હોત. એક આતંકવાદી જીવતો પકડાયો છે એની પાસેથી સાચી હકીકત જાણવા મળશે ત્યારે આતંકવાદીઓ 'ઈસ્લામિક સ્ટેટ' નામે ઓળખાતાં ખૂંખાર આતંકવાદી સંગઠન સાથે ખરેખર સંકળાયેલા હતા કે કેમ એની ખાતરી થશે. બાંગ્લાદેશી મુસ્લિમો પોતે પણ ત્યાંના હિંદુ નાગરિકો પ્રત્યે અતિશય ક્રૂરતા દાખવી રહેલ છે એવા સમાચારો સતત છપાતા રહે છે. પાડોશી દેશમાં હિંદુ મંદિરોના પૂજારીઓની બેરહેમ કતલ થઈ રહી છે અને છતાં ભારતના હિંદુત્વવાદી શાસનના પેટનું પાણી નથી હાલતું તે ખૂબ જ શોચનીય બાબત છે. આ એ જ બાંગ્લાદેસ છે, જેનો પાકિસ્તાનની જોહુકમીથી મુકત કરાવવા ભારતે લોહી રેડ્યું હતું, જેની મુક્તિવાહિની સાથે મળીને બારતીય સેનાએ પાકિસ્તાનની સેનાને ધૂળ ચટાડી હતી અને નેવું હજાર પાકિસ્તાની સૈનિકોને શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડી હતી. એ વેર પાકિસ્તાન આજપર્યંત ભૂલ્યું નથી. હમણાં થોડાક જ દિવસો પહેલાં પાક આર્મીના સંરક્ષણમાં ભારતીય સરહદ પર આતંકવાદી પ્રવૃત્તિ ચલાવી રહેલ હાફિઝ સઈદે બંગાળનો બદલો લેવાનો પડકાર ફેંકતાં ભાષણો કર્યા હતા. ખરેખર ભારતને એની સરહદો પર આટલી હદે ઈસ્લામિક આતંકવાદનો આજ પહેલાં કયારેક સામનો નથી કરવો પડ્યો. ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓને પણ પાક આર્મી અને આઈએસઆઈની છત્રછાયા સાંપડેલી છે તે હવે કોઈથી અજાણ્યું નથી. શેખ હસીનાએ રમજાનમાં નમાજ પઢવાને બદલે નિર્દોષ લોકોનું લોહી વહેવડાવવાના જઘન્ય કૃત્યને વખોડી એને અંજામ આપનારાને 'મુસલમાન' ન કહેવાય - એવું લાગણીસભર નિવેદન કર્યું છે, પણ એથ શો ફરક પડે છે? આખી દુનિયા જાણે છે કે એ મુસલમાનો જ છે! બાંગ્લાદેશી ઘુસણખોરોને તગેડી મૂકવાનાં ભાષણો કરીને આસામની ચૂંટણી તો જીતી શકાય છે, પરંતુ પાડોશી મુલક કે જે ભારતનાં બટકાં પર જીવે છે અને ભારતની મદદથી જ આઝાદ થયેલો છે, ત્યાં હિંદુઓ ઉપર થતો કેર રોકી શકવાની ભારત સરકારની દાનત નથી. આ ઘણી જ નિંદનીય બાબત છે. જયાં સુધી ભારત પાકિસ્તાન અને બાંગ્લાદેશની આતંકવાદી પ્રવૃત્તિને નાથી નહીં શકે ત્યાં સુધી એની 'મહાસત્તા' બનવાની મહત્ત્વાકાંક્ષા હાસ્યાસ્પદ જ લેખાશે.

# હિંદુવાદી ભાજપ-શિવસેના તલાકને આરે




- શરદ પવારના મતે, ભાજપ અને સેના સત્તા કાજે ગોળની સાથે ચીટકી જનારા મંકોડા
- "સામના"માં ગુજરાત મોડેલને બોગસ ગણાવતાં સત્યો અને તથ્યો પ્રજા સમક્ષ મૂકાય છે
- બંને પક્ષોનાં સંમેલનો અને કારોબારીમાં આગામી મહાપાલિકા ચૂંટણીઓ અલગ લડવાની ઘોષણાઓ
- ઠાકરેના ગઢમાં મોદી સતત ધાડ પાડતા રહ્યા છે એટલે શિવસેનાની બળતરા ઓર વધી છે

મહારાષ્ટ્રના સત્તામોરચામાં ભારતીય જનતા પક્ષ (ભાજપ) અને શિવસેના વચ્ચેનો દ્વંદ્વ ચરમસીમાએ પહોંચી ગયો છેઃ બંને હિંદુવાદી પક્ષનું ગોત્ર પણ શિવતીર્થ-શિવાજીપાર્કની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની શાખા હોવા છતાં શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે અને ભાજપના નેતા પ્રમોદ મહાજનની પહેલથી છેક ૧૯૮૪માં મહારાષ્ટ્રમાં હિંદુત્ત્વના મુદ્દે એકસાથે આવેલા બંને ભગવા પક્ષોની યુતિ છેલ્લાં બે વર્ષથી ઘોંચમાં પડતી રહી છે. રાષ્ટ્રવાદી કૉંગ્રેસના સુપ્રીમો શરદ પવારે તો ભાજપ અને સેનાને ગોળની સાથે ચીટકી જનારા મંકોડાની જેમ સત્તા કાજે એકમેક સાથે ચીટકી રહ્યાની ઉપમા આપી છે, પણ શિવસેનાના મુખપત્ર 'સામના' દૈનિક અને ભાજપના મુખપત્ર 'મનોગત'માં રીતસર આરોપ-પ્રત્યારોપનો જે જંગ છેડાયો છે, એ જોતાં ફારગતી બહુ દૂર લાગતી નથી. વિધાનસભાની છેલ્લી ચૂંટણી વેળા પણ ભાજપ અને શિવસેના વચ્ચે કમઠાણ વધ્યું હતું. નોખા ચૂંટણી લડીને 'નૈસર્ગિક સાથી' તરીકે સત્તા કાજે પાછા બેઉ સાથે આવ્યા. રાજકારણમાં આ બધું સ્વાભાવિક છે. ભાજપના સુપરસ્ટાર અને અત્યારના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રખેને પવાર-સેનાની સાથે સત્તાનો ખેલ બેસાડી દે, એવા ડરના માર્યા અને સુરેશ પ્રભુ જેવા શિવસેના નેતાને સેરવીને ભાજપના વાઘા પહેરાવ્યા પછી બાળ ઠાકરેની શિવસેના વેરવિખેર થઈ જાય નહીં, એવી ગણતરીએ વર્તમાન શિવસેના પ્રમુખ ઉદ્ધવ બાળ ઠાકરેએ ભાજપ સાથે ઘર માંડવાનું પસંદ કર્યું હતું. કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની કૃપા પર જીવવાનું શિવસેનાને અકારું પડે છે, પણ સત્તાના ગોળનો સ્વાદ પણ વછૂટતો નથી.

ક્યારેક શિવસેનાના સુપ્રીમો શિવતીર્થની સંઘશાખાના બાળસ્વયંસેવક હતા. એમના નિષ્ઠાવંત સાથી અને મહારાષ્ટ્રમાં ૧૯૯૫-'૯૯ દરમિયાન શિવસેના બિગ-બ્રધર હતી ત્યારે નાનાભાઈ તરીકે ભાજપ સાથેની મિશ્ર સરકારના મુખ્યપ્રધાન રહેલા મનોહરપંત જોશી પણ સંઘના સ્વયંસેવક હોવાનું કેનેડાવાસી ડૉ.વિજય ઢવળે કૃત 'વાઘનો પંજો' ગ્રંથને ગુજરાતીમાં લાવનાર કિશોર ગૌડ નોંધે છે. સંઘના રાજકીય ફરજંદ એવા જનસંઘના નવઅવતાર ભાજપ સાથે ૧૯૮૪માં ઘર માંડવાનું પસંદ કરનાર શિવસેના મૂળે તો કૉંગ્રેસનું ફરજંદ. એમ તો આઝાદી પૂર્વે ૧૯૨૫માં સંઘની સ્થાપના હિંદુ હિતની રક્ષા કાજે કૉંગ્રેસી નેતા ડૉ.કેશવ બલિરામ હેડગેવારે કરી હતી. સ્વાતંત્ર્યોત્તરકાળમાં સમયાંતરે કૉંગ્રેસ વિરુદ્ધના મોરચામાં જનસંઘ અને હવે ભાજપ ઊભો છે.

શિવસેનાની સ્થાપના ૧૯૬૬માં કૉંગ્રેસની હૂંફ અને બાળાસાહેબ દેસાઈ નામના પ્રધાનના સહયોગથી ગિરણગાંવની ગુજરાતી તથા મારવાડી માલિકીની કાપડ મિલોમાંથી કમ્યુનિસ્ટોના પ્રભાવને ખતમ કરાવવા કરવામાં આવી હતી. શિવસેના પ્રમુખ બાળ ઠાકરેએ મરાઠી માણૂસની દુઃખતી રગ પકડીને એને ન્યાય અપાવવા માટે શિવસેના ચળવળ આરંભીને છેક ઈમર્જન્સી સુધીય કૉંગ્રેસનો સાથ નિભાવ્યો હતો. જોકે, શિવસેનાના ઝળહળતા સુવર્ણ મહોત્સવનો પ્રવાસ કરાવતાં ડૉ. ઢવળે 'વાઘનો પંજો'માં નોંધે છેઃ 'કૉંગ્રેસના આશ્રયે શિવસેના વધતી ગઈ એવો હંમેશા આક્ષેપ કરવામાં આવે છે. માની લઈ તેમાં તથ્ય હોવા છતાં તે દોષ સેનાનો નિશ્ચિત જ નથી!... શિવસેનાએ કૉંગ્રેસનું દાસત્વ સ્વીકાર્યું નથી. પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ હંમેશા જાળવી રાખ્યું. એથી ઉલટ કૉંગ્રેસે જ સેનાની તાકાત અને લોકપ્રિયતા વાપરીને સામ્યવાદી ચળવળ કચડી નાંખી એવી ઈતિહાસની સાખ છે. સેના પર હંમેશા થનારો બીજો આક્ષેપ છે. રાજકારણમાં હિંસા લાવવાનો.' સામ્યવાદી ચળવળના હિંસક ઈતિહાસ ભણી નજર કરવાની સલાહ શિવસેના આપતી રહી છે.

મહારાષ્ટ્રમાં અત્યારે યુતિની સરકારમાં ભાજપ સાથે શિવસેના છે. બીજા પૂંછડિયા ખેલાડીઓ ભાજપ સાથે હોવા છતાં ૨૮૮ ચૂંટાયેલા સભ્યો વત્તા ૧ નામનિયુક્ત ઍંગ્લો-ઈન્ડિયન સભ્ય એમ મળીને ૨૮૯ સભ્યોની વિધાનસભામાં એક બેઠક ખાલી છે એટલે બહુમતી માટે ૧૪૫ સભ્યોનો ખપ પડે. ભાજપની પોતાની સભ્ય સંખ્યા ૧૨૨ છે. મિત્રપક્ષ એવા પૂંછડિયા સાથીઓની સભ્યસંખ્યા છતાં એની બહુમતી થતી નથી એટલે જ એણે ગૃહમાં ૬૩ સભ્યો ધરાવતી શિવસેના સાથે યુતિ કરવી પડી છે. શિવસેના કાયમ વંકાયેલી રહે છે અને જાહેરમાં ભાજપને ભાંડે છે એટલે બંને છૂટા પડે તો પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસનો ભાજપને ટેકો મળી શકે, પણ વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં સ્વયં નરેન્દ્ર મોદીએ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ને 'નૅચરલી કરપ્ટ પાર્ટી' તરીકે ખૂબ ગજવી છે. જોકે એનસીપીના નેતા છગન ભુજબળને જેલભેગા કર્યા છતાં પવારના ભત્રીજા અને મહાકાંડમાં આરોપી એવા અજિત પવાર સામે મોદી કે મહારાષ્ટ્રની ભાજપ સરકારે હજુ ઝાઝાં આક્રમક પગલાં ભર્યાં નથી. વિમાન ખરીદી કાંડમાં પ્રફુલ્લ પટેલ જેવા પવારના અંતરંગ સાથી આરોપી હોવા છતાં વ્યૂહાત્મક રીતે એમની સામે પણ આક્રમક કાર્યવાહી કરાઈ નથી. મોદી પોતે પણ પવારની સાથે મધુર સંબંધ જાળવે છે અને બારામતીમાં તેમના મહેમાન થાય છે.

મહારાષ્ટ્રનો મામલો વણસવા માટે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના પ્રવકતા અને સાંસદ તેમજ 'સામના'ના કાર્યકારી તંત્રી સંજય રાઉતનાં ભાજપ વિરુદ્ધનાં સ્ફોટક નિવેદનો સવિશેષ જવાબદાર ગણાવી શકાય. હમણાં ભાજપના કૅબિનેટ પ્રધાન એકનાથ ખડસેના રાજીનામા પાછળ શિવસેનાના ઉદ્યોગ પ્રધાન સુભાષ દેસાઈએ જાહેર કરેલી ખડસેકાંડની વિગતોને જવાબદાર લેખી શકાય. ભાજપના શિક્ષણ પ્રધાન વિનોદ તાવડેને સંડોવતા ડિગ્રી વિવાદમાં પણ શિવસેનાની આક્રમક ભૂમિકા રહી છે. શિવસેનાના પ્રધાનો વિરુદ્ધ ગેરરીતિઓમાં સંડોવણીની વિગતો ભાજપી નેતાઓ પ્રકાશમાં લાવી રહ્યા છે. બંને વચ્ચે આગ ભભૂકી રહી હતી ત્યાં શિવસેનાના સાંસદ રાઉતે ભાજપને 'નિઝામના બાપ' ગણાવવાની ગુસ્તાખી કરી એટલે ભાજપી નેતા અને પ્રવક્તા માધવ ભંડારી ભાજપના મરાઠી મુખપત્ર 'મનોગત'માં 'રાઉત સાહેબ, તલાક કેવ્હા ઘેતાય?' શીર્ષક હેઠળ લેખ લખીને બળતામાં ઘી હોમ્યું. બંને પક્ષના હિંદુવાદી નેતાઓ ફારગતી કે છૂટાછેડાની વાતને બદલે નિઝામના બાપ અને તલાક સુધી આવી ગયા એટલે ભડકો વધ્યો. વડા પ્રધાન મોદીની પુણે મુલાકાતનો અન્ય વિપક્ષોની સાથે જ શિવસેના જેવા સત્તાપક્ષે પણ બહિષ્કાર કર્યો. બંને પક્ષોનાં સંમેલનો અને કારોબારીમાં આગામી મહાપાલિકા ચૂંટણીઓ અલગ અલગ લડવાની ઘોષણાઓ થઈ. એકબાજુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ રાવસાહેબ દાનવે 'શાંત રહો'નો મંત્ર જપી રહ્યા છે, તો બીજી બાજુ શિવસૈનિકો 'મનોગત'ને બાળી રહ્યા છે. માધવ ભાંડારીના મુંબઈસ્થિત ઘરે પોલીસ સુરક્ષા આપવી પડી છે. ભાજપવાળા 'સામના'ની નકલો બાળવાની વાતો કરે છે તો સામે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે 'સામના'ને બાળવાની વાત કરનારા હિંદુવાદીઓને મુસ્લિમોની આળપંપાળ કરનારા મનોરુગ્ણ (માનસિક રોગી) ગણાવવા માંડ્યું છે. જોકે, ભાજપવાળા શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરેને 'શોલે'ના અસરાની ગણાવે છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના સુપ્રીમો અને ઉદ્ધવના પિતરાઈ તથા માસિયાઈ રાજ ઠાકરે ભાજપને મહેણાં મારતાં નિવેદન કરે છે કે એવા કેમ દિવસો આવ્યા કે ભાજપના પ્રધાન એકનાથ ખડસેએ દાઉદ ઈબ્રાહિમને ફોન કરવો પડ્યો? જોકે, આ બધી નૌટંકી હોવાનું જણાવીને પવાર તો ભાજપ અને શિવસેનાને ગોળની આસપાસ ચીટકેલા મંકોડાઓ જેવા સત્તાપિપાસુ લેખાવે છે. ઘીના ઠામમાં ઘી પડ્યું રહેવાની અપેક્ષા ખરી, પણ વધી રહેલી કડવાશ હવે ગમે ત્યારે 'તલાક' શક્ય બનાવશે એવા સંકેત આપે છે.

શિવસેના માટે મહારાષ્ટ્રમાં નાનાભાઈની ભૂમિકા સ્વીકારવામાં ભારે અકળામણની અનુભૂતિ થઈ રહી છે. શિવસેના પ્રમુખ બાળ ઠાકરેનું ૨૦૧૨માં નિધન થયું ત્યાં લગી બંને હિંદુવાદી પક્ષો વચ્ચે સમજૂતી સ્પષ્ટ હતીઃ રાષ્ટ્રીય કક્ષાએ ભાજપ બિગ-બ્રધર, પણ મહારાષ્ટ્રમાં તો શિવસેના જ બિગ-બ્રધર. મોદીબ્રાન્ડ રાજકારણ આ સ્વીકારવા તૈયાર નથી. મહારાષ્ટ્ર ભાજપમાં જ્યાં લગી પ્રમોદ મહાજન અને ગોપીનાથ મુંડે જીવિત હતા ત્યાં લગી મોદીએ એમની વાત સાંભળવી પડતી હતી. હવે નરેન્દ્રભાઈના કહ્યાગરા ભાજપી નેતાઓ પર એમની જ વગ ચાલે છે. નીતીન ગડકરી થોડા વંકાય તો સંઘના દંડૂકાથી એમને પાંસરા કરાય અને આમ પણ મહારાષ્ટ્રમાં ભાજપી નેતાગીરી શિવસેનાની જોહુકમી ઝાઝી સહન કરવાની સ્થિતિમાં નહોતી. હવેની મહાપાલિકાઓની આવતા વર્ષે આવી રહેલી ચૂંટણીમાં પણ એકલેહાથે લડવાના ભાજપની પૂણે કારોબારીના ઠરાવને વડા પ્રધાનના આશીર્વાદ છે. એની પાછળની ભૂમિકામાં શિવસેના ભલે સીધી રીતે મોદીની નેતાગીરીની ટીકા કરવાનું ટાળતી હોય કે બાળાસાહેબ ઠાકરેની શૈલીમાં પલટી મારીને મોદીનાં વખાણ કરવાનું પસંદ કરતી હોય, સેનાના મુખપત્રમાં ગુજરાત મોડેલને બોગસ ગણાવતાં સત્યો અને તથ્યો 'ગુજરાત ચે સત્ય' જેવા તંત્રીલેખો થકી પ્રજા સમક્ષ મૂકાય છે. મોદી માટે આવી બાબતો અસહ્ય બની જાય છે. એમણે પોતાની મુંબઈ મુલાકાતોમાં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને નિમંત્રવાનું ટાળીને પોતાનો અણગમો વ્યક્ત કરેલો જ છે.

શિવસેના ગઢમાં સતત મોદી ધાડ પાડતા રહ્યા છે. એટલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે શિવસેના થકી 'શોલે'ના ગબ્બરસિંહ જેવા શબ્દપ્રયોગ થાય છે. એમને કલ્લુમામા ગણાવીને 'કલ્લુમામા શોર કરતા હૈ, ગધે જૈસા બોલતા હૈ.' જેવા નારા અપાય છે. ભાજપના મુખપત્ર 'મનોગત'માં તલાક અંગે લેખ લખનાર માધવ ભાંડારીને માટે સૂત્ર અપાય છેઃ 'શિવસેના અંગાર હૈ, માધવ ભાંડારી ભંગાર હૈ.' ઓછામાં પૂરું કોલ્હાપુરના છત્રપતિ ઘરાનામાંથી શિવસેનાની વગ કાપવા માટે હજુ હમણાં જ શંભાજી રાજે છત્રપતિને રાજ્યસભામાં નિયુક્ત કરાયા એટલું જ નહીં, ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ભાજપ અધ્યક્ષ અમિત શાહને હસ્તે વડા પ્રધાન મોદી અને પક્ષનેતા લાલકૃષ્ણ અડવાણીની ઉપસ્થિતિમાં તેમનું સન્માન થયું એટલે શિવસેનાની બળતરા ઓર વધી છે.

# માના જીવનમાં દીકરાનું સ્થાન હંમેશા વિશેષ રહે છે

'મુન્નાને નિશાળમાં મૂકવાનો સમય પાકી ગયો છે' - લોકો કહે છે.
એની પા-પા પગલી બહારના વિશ્વ સાથે હાથ મેળવે.
એનો સમય થઈ ગયો છે.
રસ્તા ઉપર ઊભરાતી અસંખ્ય મોટરો, બસો,
સાઈકલોથી બચાવી બચાવી
કોણ એને નિશાળને ઉંબરે મૂકશે - ફૂલની જેમ?
કોણ એના ભેરુ હશે વર્ગમાં? કોઈ તોફાની, જિદ્દી, મશ્કરા :
એને હેરાન તો નહીં કરે ને?
મારો મુન્નો ખૂબ શાંત છે. સામો હાથ પણ નહીં ઉપાડે!
કેવી હશે એની ટીચર? પ્રેમથી નીતરતી એની આંખો હશે
કે પછી 'ચૂપ બેસો' કહેતી સોટી લઈને ઊભી રહેશે
બે કડક આંખો?
થાય છે : મારા નાનકડાં ઘરમાં જ એક બાળમંદિર સજાવું.
બાળકોને હસતાં-રમતાં ગીત ગાતાં કરું!
અથવા મુન્નાની જોડે રોજ હું એની શાળામાં જઈને બેસું,
ને જોઉં.
પણ, એના પપ્પા હસી પડે છે, કહે છે : 'તું ગાંડી છે -'
દરેક માએ કયારેક તો... વિખૂટા થવું જ પડે છે.
સવાલ માત્ર સમયનો છે!

**- વિપીન પરીખ**

બાપ-દીકરીના સંબંધ વિશે આપણે ત્યાં ઘણું-બધું લખાયું છે. જો કે, મા-દીકરાનો સંબંધ પણ સાહિત્યકારોની કલમથી સાવ અજાણ્યો તો નથી જ પણ આ બાબતમાં દીકરાની લાગણીઓનું દીકરી કરતા ઓછું આલેખન થયું છે. એના મૂળમાં જઈએ તો જણાય કે પુત્ર, લગ્ન બાદ પુત્રવધૂનો થઈ જાય છે અને 'મા'ને ભૂલી જાય છે એમ માનવામાં આવે છે. કોઈ પણ ઘરમાં પ્રથમ બાળકનું સ્થાન હંમેશા વિશિષ્ટ હોય છે. પણ જેવું ઘરમાં બીજા બાળકનું આગમન થાય એટલે તરત જ પ્રથમ બાળક પ્રત્યેનું ધ્યાન થોડું હટી જાય છે. શું આ જ વાત



આપણા જીવનમાં આવતાં દરેક નવા સંબંધ સાથે નથી બનતી? પુત્રના લગ્ન કરાવી પુત્રવધૂને લાવવાથી મા-દીકરાના સંબંધ પરથી નવા સંબંધ તરફ ધ્યાન થોડો સમય દોરવાઈ જાય એ વાત સાહજિક છે પરંતુ, સંબંધમાં તિરાડ આવી જાય કે સંબંધ તેની મિઠાશ ગુમાવી બેસે તેમ નથી હોતું.

માના જીવનમાં દીકરાનું સ્થાન હંમેશા વિશેષ રહે છે. તે દીકરાના ઉછેર અને કાળજીમાં પોતાની જાતને એટલી હદે ઓતપ્રોત કરી દે છે કે ઘણીવાર ઘરના અન્ય સભ્યો કે અન્ય સંબંધો પ્રત્યે તેનું ધ્યાન જ નથી હોતું. તે પોતાના પતિને આજીવન સર્વોચ્ચ પુરુષનો દરજ્જો આપતી હોવા છતાં પુત્રનો પ્રેમ તેના માટે સર્વોપરી રહેતો હોય છે. આજના આ મોર્ડન યુગમાં દીકરા-દીકરીમાં બંને એકસમાન છે એ વાત સાચી પણ તેમ છતાં એક મા-દીકરાનું સગપણ આજે પણ સાવ અનોખું જ છે. દીકરાના માટે 'મા' એ તેનું આખેઆખું વિશ્વ હોય છે અને 'મા' માટે પણ દીકરો એ પોતાના જીવનનું અમૂલ્ય અંગ હોય છે. દીકરો જયારે યુવાન થવા લાગે ત્યારે ધીરે-ધીરે માની આંગળી છૂટી જાય છે. દીકરા માટે સ્કૂલ, કૉલેજ, નવા-નવા મિત્રો, બહારની આકર્ષક અને રંગબેરંગી દુનિયા આ બધું જ ઘર અને 'મા'થી દૂર કરનારા પરિબળો સમાન હોય છે. જો કે, એ વાત અત્યંત સહજતાથી આપણે સૌ સ્વીકારીએ છીએ. બહારથી તો 'મા' પણ પુત્રની આ નવી-નવી ઉડાનથી ખુશ થતી હોય છે અને ગૌરવ અનુભવતી હોય છે. પણ મનનાં છાના ખૂણે દીકરાને પોતાનાથી દૂર જતો અનુભવી તે અંદરથી સાવ ભાંગી પડતી હોય છે. તે બહારથી સાવ સહજ હોવાનો દેખાવ કરતી હોય છે પણ અંદરથી તેનું આખુંયે ભાવવિશ્વ છિન્નભિન્ન થઈ રહ્યું છે. સવારથી સાંજ સુધી દીકરાની નાની-મોટી બાબતોનું ધ્યાન રાખવું અને તેમાં જ રચ્યાપચ્યા રહેવું એવો એનો વર્ષોનો નિત્યક્રમ ભંગ થાય ત્યારે બહારથી એ જતાવે છે કે હવે હું થોડી 'ફ્રી' થઈશ કે રાહત અનુભવીશ પણ અંદરથી તેને એકલતાનો અને શૂન્યતાનો ભયંકર ડર સતાવતો હોય છે.




દીકરાને બહાર ભણવા મોકલે કે વિદેશમાં નોકરી કે વ્યવસાય માટે મોકલે ત્યારે તો 'મા'ના હૃદયમાં વ્યથા અને પીડા હોય જ છે પણ સૌથી વિશેષ પીડા પુત્રના જીવનમાં કોઈ અન્ય સ્ત્રીના આગમન અને પોતાનાથી વિશેષ લાગણી જયારે પુત્ર અન્ય કોઈ સ્ત્રી માટે દર્શાવે ત્યારે થાય છે. લાગણી અને વાત્સલ્યની મૂર્તિ સમાન 'મા' તેની પોતાની જ જાણ બહાર કાવાદાવા કરનારી, ઈર્ષ્યાવૃત્તિથી છલોછલ ભરેલી સ્ત્રી બની જાય છે. દરેક વખતે આવું જ બને છે એમ નથી પણ મોટાભાગે આમ જ બનતું હોય છે. જો કે, સંવેદનશીલતાને અનુરૂપ આમાં ફેરફાર ચોક્કસ જણાય છે. આવા સમયે પુત્રના જીવનમાં આવનાર નવી આગંતુક સ્ત્રી અને પુત્ર બંને સાથે મળીને સમજણપૂર્વક વર્તે તો 'મા'ને નિરાશાની ખીણમાંથી ચોક્કસપણે બહાર લાવી શકે! દરેક 'મા' માટે જેટલો પુત્ર મહત્ત્વનો અને અગત્યનો હોય તેથીએ વિશેષ પુત્રવધૂ બને એ વચ્ચેનો સમયગાળો ખૂબ નાજુક હોય છે. તેને જો સમજણપૂર્વક અને ધીરજથી ઉકેલવામાં આવે તો ઘરનું વાતાવરણ સદાય સંપ-સુખ અને સુમેળભર્યું બની રહે છે. આપણા જીવનમાં આવનારા નવા સંબંધોથી જોડાયા બાદ જન્મજાત મળેલાં સંબંધોથી થોડા દૂર જઈએ તેમ બની શકે પણ સંબંધોનું મૂલ્ય કે તેની તીવ્રતા કયારેક ઓછી ન જ થઈ શકે. 'મા' એક એવું પાત્ર છે કે જેના માટે પોતાના પરિવાર અને સંતાનોની ખુશી એ જ તેનું અંતિમ લક્ષ્ય હોય છે પણ તેનામાં પણ માનવસહજ અધિકારવૃત્તિ અને ઈર્ષ્યાભાવ પ્રગટી શકે! આવા સમયે આપણે જો સભાનરૂપે તેને સમજવાનો પ્રયત્ન કરીએ તો, આજીવન કોઈ પ્રશ્ન ન જ ઉદ્ભવે!

બા,
સ્ત્રીના દરેક રૂપમાં મેં તને શોધી છે.
તને શોધવી છે એટલે સ્ત્રીને ધિક્કારી નથી શકતો,
તું મળતી નથી એટલે સ્ત્રીને ચાહી નથી શકતો.

**- મધુકર ઉપાધ્યાય**

- nehalgadhavi101@gmail.com

# મહિલાઓના કાયદામાં સુધારો કરવો એ સમયની માંગ છે

પહેલાના જમાનામાં મહિલા ગરીબ, લાચાર, બિચારી, અબળા અને પુરૂષોના અત્યાચારની ભોગ બનતી ગણાતી હતી પરંતુ ૨૧મી સદીમાં પુરૂષોના ખભેખભા મીલાવી દરેક ક્ષેત્રમાં પુરૂષ સમોવડી હોય તો મહિલાઓને ખાસ કાયદાથી સુરક્ષીત કરવી કેટલી વ્યાજબી છે? તેમજ આ કાયદાનો મહિલાઓ કેટલો ગેરઉપયોગ કરી પુરૂષો ઉપર અત્યાચાર આચરે છે તેનું સર્વેક્ષણ કરવું હાલના તબક્કે વ્યાજબી જ નહી પરંતુ યોગ્ય છે. બળાત્કારના આરોપમાં ૨૮ ટકા કેસમાં જ ગુન્હો પુરવાર થાય છે, ડોમેસ્ટીક વાયોલન્સના કેસોમાં માત્ર ૧૯ ટકા કેસોમાં જ ગુન્હો પુરવાર થાય છે. હાલના સંજોગોમાં મહિલાઓ જ બિચારી, બાપડી અને અત્યાચારનો ભોગ બની હોય તેમજ પુરૂષોને બળવાન ગણી મહિલાઓ ઉપર અત્યાચાર કરનારા જ ગણાવ્યા છે. આવો વિચાર મૂળમાંથી જ ખોટો છે. સેવ ઈન્ડીયા ફેમીલી સંગઠન દ્વારા પુરૂષ અધિકાર માટે ચળવળ ચલાવવામાં આવે છે. પત્ની પીડીત સંગઠનો પણ આ કાર્ય ઉપાડયું છે.

સુપ્રીમ કોર્ટના એડવોકેટને પત્ની દ્વારા દહેજ માંગવાના ખોટા આરોપોનો સામનો કરવો પડ્યો ત્યારે રામપ્રકાશે પતિઓ સામે ક્રુરતા પ્રતિરોધના નામે ચળવળ ઉપાડેલ અત્યારે ફેસબુક, વોર્ટસઅપ અને સોશ્યલ મીડીયા થકી આ સંગઠન પત્ની પીડીત પુરૂષોને કોર્ટ કેસમાં મદદ કરે છે.

અન્ય કેસમાં પત્ની દ્વારા લીલા તોરણે જાનને પાછીવાળી દહેજનો ખોટો કેસ કરતા નવ વર્ષે સાબીત થયેલ કે પત્ની દ્વારા અન્ય વ્યક્તિ સાથે આડા સંબંધને કારણે લગ્ન કરવા માંગતી ના હોય જાનને લીલા તોરણે દહેજનો ખોટો કેસ કરી પાછી વાળી હતી પરંતુ પતિ અને તેના કુટુંબના સભ્યોએ નવ વર્ષ સુધી ખોટા કેસમાં સહન કરવું પડ્યું તેના કુટુંબની આબરૂનું લીલામ થયું અને મુનીશ નવ વર્ષ સુધી કુંવારો રહ્યો.

બધી જ મહિલાઓ કોઈ ખોટા કેસ નથી કરતી પરંતુ મોટાભાગના દહેજના કેસો ખોટા ઉભા કરવામાં આવે છે અને પાડાને વાંકે પખાલીને ડામ જેવું થાય છે કુટુંબના સભ્યો વિના કારણે હેરાન થઈ શારીરિક, માનસીક યાતના ભોગવે છે.

નેશનલ ક્રાઈમ રેકર્ડ વ્યુરોના આંકડા મુજબ દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ નોંધાયેલ કેસમાં માત્ર ૧૦ ટકા કેસોમાંજ ગુન્હો પુરવાર થાય છે. બયાત્કારના કેસમાં માત્ર ૨૮ ટકા જે કેસોમાં ગુન્હો પુરવાર થાય છે અને ડોમેસ્ટ્રીક વાયોલન્સ એકટના ગુન્હામાં માત્ર ૧૯ ટકા કેસોમાં જ ગુન્હો પુરવાર થાય છે.

સુપ્રિમ કોર્ટે પણ વારંવાર પોતાના કેસોમાં આવી ટીકા કરવી પડે છે. મોટા ભાગના કેસોમાં નાક દબાવી મોં ખોલવા બદલાની ભાવનાથી કેસો કરવામાં આવ્યા હોય છે.

દહેજ પ્રતિબંધક ધારા ૪૯૮(ક) માં જામીન પાત્ર ગુન્હો ગણવામાં આવ્યો છે તેમ છતાં પતિ, સાસુ, સસરાને જામીન મુક્ત કરવામાં કોર્ટ આનાકાની કરે છે અને વિના કારણ બે ત્રણ દિવસ જેલમાં રહેવું પડે છે. ૪૯૮(એ)નો ગુન્હો જામીન પાત્ર બનાવવામાં આવે અને પોલીસ અધિકાર બહારનો બનાવાય તો ખોટી ધરપકડથી બચી શકે તેમ ઘરેલું હિંસાનો કાયદો સ્ત્રી અને પુરૂષ બન્ને વચ્ચે સમાન ગણવામાં આવે માત્ર મહિલાઓને જ આ કાયદાથી સુરક્ષીત ના કરી શકાય પુરૂષો પણ મહિલાઓનો હિંસાનો ભોગ બનતા જ હોય છે તેજ રીતે નોકરીના સ્થળે છેડતીના બનાવમાં પણ સ્ત્રી પુરૂષને બન્ને માટે સમાન ગણવામાં આવે મહિલા બોસ પણ કયારેક જુનીયર કર્મચારીઓને શોષણ કરતા હોય તેવા બનાવો પ્રકાશમાં આવ્યા જ છે તેમજ એકસખા લાભ માટે કાયદાનું એકીકરણ કરવામાં આવે જેથી એક જ પ્રકારના લાભ માટે અનેક કેસ દાખલ ના થઈ શકે.




ભરણપોષણની અરજીમાં પણ ખાધાખોરાકી મેળવે છે તેમજ ડોમેસ્ટ્રીક વાયોલન્સમાં પણ ખર્ચ માંગે તેમજ છુટાછેડાની અરજમાં પણ કલમ ૨૪ મુજબ ભરણપોષણ અને ખર્ચ માંગે છે અને દરેક કેસમાં ખોરાકીના હુકમ મેળવે છે તે ખોટું છે. લાભ એક જ કેસમાં મળવો જોઈએ દરેક કાયદાને જાતિ નિરપેક્ષ બનાવાય સ્ત્રી પુરૂષ માટે એક જ સરખી જોગવાઈ હોવી જોઈએ કેટલીક વાર લાલચને વશ થઈ શારીરિક સંબધો બાંધવામાં આવે છે અને લાલચ પૂરી થતા તે બળાત્કારમાં ખપાવવામાં આવે છે. આવા કેસોને બળાત્કારમાં ખપાવવાની જોગવાઈ રદ કરવી જોઈએ ખાસ કરીને લીવ ઈન રીલેશના કેસોમાં સાથે સંમંતીથી રહેતા હોય ત્યારબાદ મનમેળ ના આવતા બળાત્કારના આરોપમાં પુરૂષને ફસાવવામાં આવે છે. બળાત્કારનો આરોપ ખોટા ઠરે તો મહિલાઓ વિરૂધ્ધ પણ ફરીયાદ દાખલ કરવી જોઈએ. લગ્નના સાત વર્ષમાં પત્ની કોઈ સંજોગોમાં આત્મહત્યા કરે તો પતિ તથા સાસરીયાને આરોપી બનાવી ખોટા કેસ કરવામાં આવે છે. આ જોગવાઈ પણ રદ કરવી જોઈએ. છુટાછેડા થતા સ્ત્રી પુરૂષમાં બાળકની કસ્ટડી સગીર હોય તો માતાને જ મળે તેવી જોગવાઈ રદ કરવી જોઈએ હાલમાં સીંલ પીતા જો બાળક દત્તક કે સરોગેસીથી રાખી શકતા હોય તો પોતાનું બાળક સીંગલ પીતા કેમ ઉછેરી ના શકે?

આપણા સમાજમાં દરેક કાયદાનો ઉપયોગ થાય તેના કરતા દુરઉપયોગ કરવાનું ચલણ વધ્યું છે. કાયદાનું રક્ષણ મેળવવાને બદલે દુરઉપયોગ કરનાર સ્ત્રી ખરેખર દુરાચારનો અત્યાચારનો ભોગ બનતી મહિલાઓ માટે ઘાતક પરિસ્થિતિ રાજે છે.

સ્વતંત્રતા મળે ત્યારે આપોઆપ જ જવાબદારી બની જાય છે તેમાં સ્વચ્છંદતાનો ઉપયોગ ના કરવો જોઈએ અને તકેદારી રાખી પુરૂષ સમોવડી જો મહિલાઓને ગણવામાં આવતી હોય તો સ્ત્રી પુરૂષ વચ્ચે ભેદભાવ કાયદામાં ના હોવો જોઈએ તેવી સંગઠનની માંગ છે.